**<u>ફોજદારી કેસ નં. ૮૫૪૭/૨૦૨૨</u>**

<u>-: આંક:૧ નીચે હુકમ :-</u>

સદર કેસનું રેકર્ડ જોવામાં આવે તો, આરોપી સામે **પેટી ઓફેન્સનો** કેસ છે જેથી આક્ષેપિત ગુન્હાની સજાની જોગવાઈ ધ્યાને લેતાં,કેસ સમન્સ/સમરી ટ્રાયેબલ છે. ફરિયાદ પક્ષ આરોપીને હાજર રખાવવામાં સફળ થયેલ નથી. જેથી ન્યાયિક કાર્યવાહી આગળ ચાલી શકતી નથી.આથી,આરોપીને અદાલત સમક્ષ હાજર કરવા બાબતે પોલીસ તંત્રને હવે વધુ તકો આપવી ઉચિત જણાતું નથી.

આથી,કેસની હકીકતો,કેસની ન્યાયિક કાર્યવાહીનો પ્રકાર તેમજ આરોપીની હાજરી મળી આવતી ન હોય તેમજ પોલીસ તંત્ર આરોપીને અદાલત સમક્ષ હાજર રખાવવામાં નિષ્ફળ નિવડેલ હોય અને હવે વધુ સમય પોલીસ તંત્રને આપવો ઉચિત જણાતો ન હોય,નામદાર સર્વોચ્ચ અદાલતના ઉપરોકત ચુકાદામાં આપેલ ગાઈડલાઈનને ધ્યાને લેતાં અત્રેની અદાલતને ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ:૨૫૮ની જોગવાઈ અન્વયે કેસની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવો વ્યાજબી અને ન્યાયોચિતજણાઈ આવે છે.આથી નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**<u>:: હુકમ::</u>**

૧. ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ની કલમ:૨૫૮મુજબ આરોપી સામેના કેસની આગળની કાર્યવાહી બંધ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આરોપી/ઓના જાતમુચરકો તથા જામીનખત રદ કરવામાં આવે છે.જો આરોપીએ જામીનગીરી પેટે રોકડ રકમ જમા કરાવેલી હોય તો તે રકમ નાઝરશ્રીએ ફોજદારી કાર્યરીતી સંહિતા,૧૯૭૩ ની કલમ: ૪૪૬ અન્વયે સરકારશ્રી ખાતે જમા લેવાનો હુકમ કરવામાં આવે છે.

૩. સદર ગુનાના કામે કબજે કરેલ મુદ્દામાલ જો વચગાળાની કસ્ટડીએ છોડાવેલ હોય તો તેને કાયમી કરવામાં આવે છે અને જો પોલીસ સ્ટેશન જમા હોય તો માલીકીની ખરાઈ કરી માલીકને પરત કરવો.

ઉપરોકત ચુકાદો તા.૨૨મી, માહે જુન, સને ૨૦૨૪ ના રોજ સ્પે. સીટીંગમાં જાહેર કર્યો.

તા.૨૨/૦૬/૨૦૨૪
અમદાવાદ.

**(એમ.એસ.સુતરીયા)**
કોડ નં. જીજે.૦૦૮૪૬
ચીફ જયુડીશીયલ મેજીસ્ટ્રેટ,
નવરંગપુરા, અમદાવાદ(ગ્રામ્ય)